સત્યમેव जयते

કેસ દાખલ કર્યા તા. ૧૬–૦૨–૨૦૨૬
કેસ રજી.લીધા તા. ૧૬–૦૨–૨૦૨૬
ઠરાવ જાહેર કર્યા તા. ૦૨–૦૪–૨૦૨૬
અવધી:વર્ષ :૦૦,મહિના: ૦૧,દિન: ૧૭

## ભાણવડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.ભાણવડ

ફોજદારી કેસ નં. ૭૬/૨૦૨૬
આંક–

શ્રી સરકાર ....................ફરિયાદી

–:: વિરૂધ્ધ ::–

બાબરભાઈ ગલાભાઈ મોરી,
રહે. ધામણીનેશ, રાણપર
તા. ભાણવડ જી. દેવભુમી ધ્વારકા .....................આરોપી

---

| | | |
|---|---|---|
| શ્રી સરકાર તરફે | :– | વિ.એ.પી.પી. એચ.આર.અંબાસણા |
| આરોપી તરફે | :– | વિ.વ.શ્રી.વી.એમ.ડોસાણી |

---

ગુનો:– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (ઈ), ૬૫(એફ) મુજબ ..

**–:: ઠ રા વ ::–**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, ગઈ તા. ૩૦–૧૨–૨૦૨૫ ના રોજ કલાક ૦૭:૦૦ વાગ્યાના અરસામા ધામણીનેશથી પશ્ચિમ દિશા બાજુ આશરે ૫૦૦ મીટર દુર આવળ માતાજીના મંદિરની પાછળ બાવળની કાંટાળી ઝાળીમાં આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે દેશી દારૂ બનાવવાનો આથો લી. ૨૨૦૦ કિ.રૂા.૫૫,૦૦૦/– નો તથા દેશી દારૂ લી.૫૦ કિ.રૂા.૧૦,૦૦૦/– નો મળી કુલ મુદામાલ કિ.રૂા. ૬૫,૦૦૦/– નો રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી તપાસ દરમ્યાન પકડાઈ જઈ આરોપીએ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૬૫(એફ) મુજબનો સદર અદાલતની હકુમતમાં આચરેલ હોય અને અનવેષણ પુરુ થતા સદર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ થયેલ છે.

(૨) સદર ગુનાના કામે આરોપી વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થતા આરોપી વિરૂધ્ધ સદર કેસના કામે સમન્સ ઈસ્યુ કરવામાં આવતા આરોપી અદાલત સમક્ષ હાજર થતા આરોપીને બી.એન.એસ.એસ. કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના

મુલ્યે આપવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપીની સામે આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને આરોપીએ આંક–૦૫ ધ્વારા આપેલ નિવેદનમાં આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરેલ. સબબ આરોપી વિરૂધ્ધ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષે નીચે મુજબના પુરાવાઓ રજુ રાખેલ છે.

–: મૌખિક પુરાવો:–

| ક્રમ નં. | આંક | સાહેદનુ નામ | વિગત |
|---|---|---|---|
| (૧) | ૦૬ | રાજુભાઈ બાબુભાઈ ખાવડુ | પંચ સાહેદ |
| (૨) | ૦૮ | ભાવેશભાઈ પુંજાભાઈ મારૂ | પંચ સાહેદ |
| (૩) | ૦૯ | મીલનભાઈ ભીખુભાઈ ભંભાણા | ફરીયાદી |
| (૪) | ૧૧ | દેવાભાઈ જેતશીભાઈ ઓડેદરા | ત.ક.અમલદાર |

–:દસ્તાવેજી પુરાવો :–

| ક્રમ નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૭ | પંચનામું |
| (૨) | ૧૦ | ફરીયાદ |
| (૩) | ૧૨ | ગુના રજી રીપોર્ટ |
| (૪) | ૧૩ | રવાનગી પાવતી |

(૪) ત્યારબાદ આ કામે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં જણાવેલ છે કે તેઓની સામે ખોટું ચાર્જશીટ કરેલ છે. તેઓ કાંઈ જાણતા નથી, તેઓ નિર્દોષ છે અને તેઓને ખોટી રીતે ગુનાનાં કામે સંડોવી દેવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે કેસનાં નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

–: મુદ્દાઓ :–

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ સાબિત કરે છે કે, ગઈ તા. ૩૦–૧૨–૨૦૨૫ ના રોજ કલાક ૦૭:૦૦ વાગ્યાના અરસામા ધામણીનેશથી પશ્ચિમ દિશા બાજુ આશરે ૫૦૦ મીટર દુર આવળ માતાજીના મંદિરની પાછળ બાવળની કાં ટાળી ઝાળીમાં આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે દેશી દારૂ બનાવવાનો આથો લી. ૨૨૦૦ કિ.રૂા.૫૫,૦૦૦/– નો તથા દેશી દારૂ લી.૫૦ કિ.રૂા. ૧૦,૦૦૦/– નો મળી કુલ મુદામાલ કિ.રૂા. ૬૫,૦૦૦/– નો રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી તપાસ |

| | |
|---|---|
| | દરમ્યાન પકડાઈ જઈ આરોપીએ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૬૫(એફ) મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓનાં મારાં જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) ''આખરી હુકમ મુજબ.''

(૭) ઉપરોકત નિર્ણય માટેના કારણો અને રેકર્ડ પર આવેલ પુરાવાનું મુલ્યાંકન:–

(૭.૧) આ કામે આંક–૦૬ થી પંચ સાહેદ રાજુભાઈ બાબુભાઈ ખાવડુ ને તથા આંક–૦૮ થી પંચ સાહેદ ભાવેશભાઈ પુંજાભાઈ મારૂ ને સોગંદ ઉપર તપાસેલ છે. આ બંને પંચસાહેદો આંક–૦૭ થી મુદ્દામાલ કબ્જે કર્યા નાં પંચનામામાં ના પંચ સાહેદો છે. પરંતુ આ પંચસાહેદોએ તેઓની સરતપાસમાં માત્ર પંચનામા માં તેઓની સહીને જ ઓળખી બતાવેલ છે. તે સિવાયની પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. જેથી આ બંને પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેઓએ પંચનામાની હકીકતો ને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી.

જયારે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તૈયાર લખેલ કાગળમા સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલી તે સીવાય બીજું કાંઈ જાણતો નથી.

આમ, ઉપરોકત પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા આંક–૦૭ વાળુ પંચનામુ સદર પંચોની જુબાનીથી પુરવાર થયેલુ જણાઈ આવતુ નથી.

(૭.૨) આ કામે ફરીયાદી મીલનભાઈ ભીખુભાઈ ભંભાણાને આંક–૦૯ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને જુબાની દરમ્યાન આંક–૧૦ થી અસલ ફરીયાદ રજુ રાખેલ છે.

જયારે આરોપી તરફેની ઉલટ તપાસમાં ફરીયાદીએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, ભાણવડ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દર્શાવતો કોઈ સાધનીક આધાર મે આ કામે રજુ કરેલ નથી અને રેઈડ વાળો વિસ્તાર જંગલ વિસ્તાર છે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ ઠામ જણાવેલ નથી અને રેઈડ વખતે કોઈ ઈશ્મ

હાજર મળી આવેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આરોપી પાસેથી પંચો રૂબરૂ કોઈ મુદામાલ કબજે કરેલ નથી અને ફરોરેસ્ટ વીસ્તારમાં રેઈડ કરવા માટે ફોરેસ્ટ પાસેથી પંચો રૂબરૂ કોઈ મુદમાલ કબ્જે કરેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ફોરેસ્ટ વિસ્તારમાં રેઈડ કરવા માટે ફોરેસ્ટ વિભાગની પરવાનગી મેળવવી પડે અને અમોએ ફોરેસ્ટ વિભાગની કોઈ પરવાનગી મેળવેલ નથી. જયારે આ સીવાય અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૭.૩) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૧ થી આ કામના ત.ક.અમલદાર દેવાભાઈ જેતશીભાઈ ઓડેદરા નાઓને સોગંદ ઉપર તપાસવમા આવેલ છે. સદર સાહેદે પોતાની સરતપાસમાં સદર ગુનાની તપાસ કરેલ હોવાનું જણાવેલ છે.

જયારે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ભાણવડ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તેદર્શાવતો કોઈ સાધનીક આધાર મે આ કામે રજુ કરેલ નથી અને રેઈડ વાળો વિસ્તાર જંગલ વિસ્તાર છે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ ઠામ જણાવેલ નથી અને આરોપી પાસેથી પંચો રૂબરૂ કોઈ મુદામાલ કબ્જે કરેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, બનાવવાળા વિસ્તારમાં કોઈ પણ વ્યકિત કોઈ પણ વસ્તુ મુકી કે લઈ જઈ શકે તેવો વિસ્તાર છે અને તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી અને તપાસના કામે હું બનાવવાળ સ્થળે ગયેલ નથી. જયારે આ સીવાય અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૮) આ કામે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો આ કામે પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં નથી. જેથી આંક–૦૭ વાળા પંચનામાની વિગત રેકર્ડ પર પુરવાર થતી નથી. વધુમાં આ કામે ફરીયાદીએ તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભાણવડ પોસ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દર્શાવતો કોઈ સાધનીક આધાર મે આ કામે રજુ કરેલ નથી ત્યારે આ કામના ફરીયાદી પોતે કાયદાના જાણકાર વ્યકિત છે અને સરકારી અધિકારી છે તેમ છતા તેઓએ કાયદાને અનુસવરી પડતી પ્રક્રિયાઓને અનુસરેલ નથી. આમ, પ્રથમ દર્શનીય રીતે ફરીયાદીએ આપેલ ફરીયાદ શંકાસ્પદ જણાઈ આવે છે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. ત્યારે આંક–૧૦ વાળી ફરિયાદ નોંધાયા પહેલા આંક–૦૭ વાળું પંચનામું કરવામાં આવેલ હોવા છતાં

ફરિયાદીએ તેઓની ફરિયાદમાં પંચ સાહેદોના નામ જણાવેલ નથી. જેથી પંચસાહેદો પંચનામા સમયે સાથે ન હોવાની હકીકત ફલિત થાય છે. જયારે પંચોની આંક–૦૭ વાળા પંચનામામાં પાછળથી સહી લેવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં આ કામના ત.ક.અમલદારે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, રેઈડ વાળો વિસ્તાર જંગલ વિસ્તાર છે અને બનાવવાળા વિસ્તારમાં કોઈ પણ વ્યકિત કોઈ પણ વસ્તુ મુકી કે લઈ જઈ શકે તેવો વિસ્તાર છે અને આરોપી પાસેથી પંચો રૂબરૂ કોઈ મુદામાલ કબ્જે કરેલ નથી. ત્યારે સમગ્ર પણે આરોપીની ગુનામાં સંડોવણી પરત્વે શંકા ઉપસ્થીત થાય છે. આમ, ઉપરોકત સંજોગો ધ્યાને લેતાં SATISH MEHRA VS DELHI ADMINISTRATION 1996 (3) CRIMES,85 નાં ચુકાદામાં નામ.ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય, ત્યારે બાકીના સાહેદોને તપાસવાની Formality પુરી કરવાની જરૂર નથી અને વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવુ પણ નિરીક્ષણ કરેલ છે કે, when Judge is fairy certain that there is no prospect of case ending in conviction valuable time of Court should not be wasted for holding a trial only for proposes of formally completing the proposes to provision the conclusion on future date. આમ, આરોપીને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી તેમજ તેઓની હાજરીમાં પોલીસે આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરેલ હોવાની હકીકતોનો ઈન્કાર કરે છે. વધુમાં, પંચોની જુબાની ફરિયાદપક્ષના કેસની વિપરીત હોવાથી તેઓની જુબાની કેમ ન માનવી તે અંગે ફરિયાદપક્ષ કોઈ આધાર રજુ કરી શકેલ નથી. બનાવ સમયે પંચોની સ્થળ ઉપર હાજરી પુરવાર થતી નથી. જેથી ફરિયાદપક્ષ મુદ્દા નં. ૧ ની હકીકતો વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

૧. આ કામનાં આરોપી બાબરભાઈ ગલાભાઈ મોરી, રહે. ધ્રામણીનેશ, રાણપર તા. ભાણવડ જી. દેવભુમી ધ્વારકા નાઓને ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (ઈ), ૬૫(એફ) મુજબનાં સજાને પાત્ર ગુન્હા માંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૧(૧)

અન્વયે પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** મુદ્દામાલ પાવતીમાં જણાવેલ પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય વિત્યાબાદ સરકારી વકીલશ્રીનો અભિપ્રાય લઈ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં પ્રોહી મુદ્દામાલ સીવાય જો મોબાઈલ/વાહન અંગે અગાઉ જો કોઈ વચ્ચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે અંગેનો હુકમ કાયમ કરવામાં આવે છે,અન્યથા જો તેઓ કોઈ વચ્ચગાળાનો હુકમ થયેલ ન હોય તો જરૂરી ઈન્કવાયરી કરી પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ અધિકારીએ માંગણી કરનાર અરજદારની માલીકીની ખરાઈકરી સદરહુ મુદામાલ અપીલ સમય બાદ પરત સોપવાનો હુકમ કરવમાં આવે છે.

**3.** આરોપીએ અગાઉ આપેલ જામીન ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૧ મુજબ ચાલુ રાખવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૨ જી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ નાં રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

મુકામ : ભાણવડ.
તારીખ: ૦૨–૦૪–૨૦૨૬.

( સી.એચ.માંડલિયા)
જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ, ભાણવડ.
કોડ નં.જી.જે.૦૧૬૮૮